આસપાસ ચોપાસ

પીપલખેડ અને સુરતના લાલભાઇ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ વચ્ચે અનોખો નાતો છે

પીપલખેડની એલ.ડી.કોન્ટ્રાક્ટર અને સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન સાથે સંકળાયેલા લાલભાઇ કોન્ટ્રાક્ટર વચ્ચે અનોખો નાતો છે. આ વાત ભાગ્યે જ કોઇ જાણતું હશે. પીપલખેડની જે શાળા એલ.ડી.કોન્ટ્રાક્ટર તરીકે ઓળખાઇ છે તેનું આખું નામ લાલભાઇ ડી. કોન્ટ્રાક્ટર છે. મૂળ સુરતના ભીમપોરના લાલભાઇ કોન્ટ્રાક્ટરના પુત્ર કનૈયાલાલ કોન્ટ્રાક્ટર કહે છે કે, તેમના પિતાજી લાલભાઇ બલવાડા સાથે સંકળાયેલા હતાં. આ ત્યારની વાત છે જ્યારે મુંબઇ સ્ટેટ હતું અને તેમાં નવસારીના લલ્લુભાઇ મકનજી ધારાસભ્ય હતાં. પીપલખેડની શાળાના ટ્રસ્ટી પણ હતાં. આદિવાસી બાળકોને ભણાવતી આ શાળાનું મકાન જર્જરિત થઇ ગયું હતું. તે ગમે ત્યારે તૂટી પડે તેવું હતું એટલે તેમણે તેમના પિતા લાલભાઇને વાત કરી કે, અને પછી તેમણે પીપલખેડની શાળા બનાવવાનું શરૂ કર્યું હતું. તેમનું ટ્રસ્ટ આ વિસ્તારમાં ચાર શાળા ચલાવે છે. જેમાં પીપલખેડ ઉપરાંત બલવાડા, સારવણી અને વાવની શાળાનો સમાવેશ થાય છે. હાલમાં જ એક શાળામાં કન્યા છાત્રાલય અને અન્ય એક છાત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી આદિવાસી બાળકો ત્યાં રહીને ભણી શકે. જો કે, હજી પણ આ શાળાઓના વિકાસનું કામ ચાલું છે.

પરોપકાર

ટ્રેક્ટર ખરીદવા માટે ખેડૂતોને સરકાર સહાય આપે છે?

હું ખેડૂત છું અને અમારી વડીલો પાર્જીત 10 વીંઘા જગ્યા છે અને મારે ટ્રેક્ટર લેવું છે તો તેમાં સરકારની મદદ મળે છે?

મનહર ચૌધરી
ઇન્દુગામ, તાપી જિલ્લો

હા સરકાર તરફથી ખેડૂતો માટેની અનેક યોજનામાં ટ્રેક્ટર ખરીદીની યોજનાનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારનાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ખેડૂતો માટે એજીઆર 50 ખેડૂતોને ટ્રેક્ટર ખરીદવા માટેની સહાય શરૂ કરવામાં આવી છે. જેમાં 40 પીટીઓ હોર્સ પાવર સુધીનાં મોડેલ માટે ખર્ચનાં 25 ટકા અથવા રૂા. 45000 ની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે સરકાર માન્ય મોડેલની ખરીદી કરવાની રહેશે. 60 પીટીઓ હોર્સ પાવર સુધીના મોડેલ માટે ખર્ચના 25 ટકા અથવા રૂા. 60,000 ની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે સહાય મળે છે પરંતુ સરકાર માન્ય મોડેલની ખરીદી પર જ આ સહાય આપવામાં આવે છે. ઓનલાઇન અરજી કરવા માટે સૌથી પહેલા ગુગલમાં જઇને તમારી યોજના સર્ચ કરશો પોર્ટલ ખુલશે જેમાં યોજનામાં જઇને 34 નંબરની યોજના પર ક્લિક કરવાથી ઓનલાઇન અરજી માટેનું પેજ ખૂલી જશે. પોર્ટલ પર યોજનામાં જવું. તેના માટે ખેડૂતોએ 7/12 નો દાખલો, આધારકાર્ડ તેમજ બેંક પાસબુક તેમજ એક કેન્સલ ચેક અપલોડ કરવાનો રહેશે.

એમ.ડી.પટેલ
સિનિયર અધિકારી, ખેતીવાડી વિભાગ

ડાંગની ગોલ્ડન ગર્લ

પીપલખેડ હાઈસ્કૂલમાં ભણેલી સરિતા ગાયકવાડ બની છે ગોલ્ડન ગર્લ

સરિતા ગાયકવાડના સંઘર્ષથી સફળતાની કહાની

સરિતા ગાયકવાડ ડાંગ જિલ્લાના કરડીઅંબા ગામના વતની છે, તેમના માતાપિતા છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતા હતા. નાનપણથીજ ખેલ ક્ષેત્રે રુચિ ધરાવતા સરિતાને પરિવાર તરફથી મોરલ સપોર્ટ ખુબ મળ્યો પણ આર્થિક તંગીના કારણે તેને ખેલાડી તરીકેની કારકિર્દી બનાવવી એક સ્વપ્ન સમાન લાગતું હતું. સરિતા ગાયકવાડે શરૂઆતમાં ગ્રામ્ય સરકારી શાળામાં અભ્યાસ કર્યા બાદ વાંસદનાં પીપલખેડ ગામની એલ.આર.કોન્ટ્રાક્ટર વિદ્યાલય ખાતે ધો. ૮ થી ધો.૧૨ સુધી અભ્યાસ કર્યો છે. જ્યાં શિક્ષકો દ્વારા તેને ખૂબજ પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ દરમ્યાન તેમના કોચ તરીકે પી.ટી ટીચર ગામનાજ રહેવાસી ગણપતભાઇ યુ. માહલા હતા, અને હાલ તેઓ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે બિરાજમાન છે.

સરીતા ગાયકવાડ ખો - ખો ની રમતના રાષ્ટ્રીય કક્ષાના ખેલાડી બન્યા, તેમનો સારો દેખાવ જોઈ તેમને વ્યક્તિગત ખેલ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા સલાહ આપવામાં આવી. મળતી માહિતી મુજબ સરિતા ગાયકવાડ તેઓના કાકાને ઘેર ટીવી હતું અને તેઓ તેમાં ડીડી સ્પોર્ટ્સ ચેનલ જોતા, જેમા ભારતીય મહિલા ખેલાડીઓને જોઈ તેમને થતું કે એક

દિવસ હું પણ ભારતને આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રતિષ્ઠા અપાવીશ. અને કઈ કરી બતાવવાનો જુસ્સો તેમનામાં ઉદભવ થયો. ત્યારબાદ પ્રથમ વખત ખેલ મહાકુંભમાં દોડમાં ભાગ લીધો અને પ્રથમ ક્રમે આવ્યા ઇનામમાં તેમને ૨૫૦૦૦ રૂપિયા મળતા તેઓ ખુશીથી રડી પડ્યા હતા. ત્યારબાદ રાજ્ય કક્ષાએ પણ શાનદાર દેખાવના કારણે તેમને નડિયાદ ખાતે સ્પોર્ટ્સ એકેડમીમાં તાલીમ આપવામાં આવી અને તેઓ ખેલાડી તરીકે કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત થયા. ત્યારપછી તેઓ ૪૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર વિઘ્નદોડમાં નિષ્ણાત છે. સરિતા ગાયકવાડ ૪૦૦ મીટર રીલેદોડની ભારતીય મહિલા ટીમની પણ સભ્ય હતી કે જેણે એશિયન રમતો ૨૦૧૮ દરમિયાન સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમજ ગુજરાત સરકારના "બેટી બચાવો અભિયાન" માટેની બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. તેમણે ઓસ્ટ્રેલીયા ખાતે ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ ખાતે સરિતા ગાયકવાડને ૪ × ૪૦૦ મીટર રિલેદોડની ભારતીય મહિલા ટીમ માટે પસંદ કરવામાં આવી હતી. આ સાથેજ તેઓ પ્રથમવાર ગુજરાત રાજ્યમાંથી કોમનવેલ્થ ગેમ્સ માટે પસંદગી પ્રાપ્ત કરનાર ટ્રેક અને ફિલ્ડ પ્રથમ ખેલાડી બની હતી. અને આ ભારતીય ટીમ આ રમતોત્સવમાં સાતમા ક્રમે આવી હતી. સરિતા ગાયકવાડ ને ૨૦૧૮ એશિયન ગેપ્સ માટેની ૪ × ૪૦૦ મીટર રિલેદોડની ભારતીય મહિલા ટીમ માટે પસંદ કરવામાં આવી હતી. તેમણે અંતિમ સ્પર્ધામાં ૩:૨૮.૭૨ જેટલા સમય સાથે સુવર્ણચંદ્રક મેળવી દેશ અને સમાજનું નામ રોશન કર્યું હતું. આમ સરિતા ગાયકવાડે પોતાના જીવનમાં સખત પરિશ્રમ કરી જે સિધ્ધિઓ હાસિલ કરી છે તે દેશની હજારો દિકરીઓ માટે પ્રેરણારૂપ બની છે.

ગામને અડીને જતી કેનાલ

પીપલખેડ ગામને અડીને આવેલ કેલિયા ડેમ જે વાંસદા અને ચીખલી તાલુકાના હજારો ખેડૂતો માટે જીવાદોરી સમાન છે. આ ડેમમાંથી નીકળતી કેનાલ દ્વારા પણ ઘણા ગામોને સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ કેનાલ પીપલખેડ અને માંડવખડક ગામની વચ્ચેથી પસાર થાય છે. પરંતુ પીપલખેડ ગામનો અમુક ભાગ જ કેનાલને અસર કરતો હોવાથી માત્ર કસાડ ફળિયાના આશરે ૩૦૦ જેટલા લોકોને જ કેનાલના પાણીનો લાભ મળી રહે છે.

પીપલખેડ શાળાના આચાર્ય શૈલેષભાઈ પટેલ વિદ્યાર્થીઓના સારા શિક્ષણ માટે હંમેશાં તત્પર રહેતા હોય છે.

શ્રી એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય ખાતે શૈલેષભાઈ પટેલની તા. ૨૦/૧૧/૨૦૦૦ ના રોજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સંસ્કૃત વિષયના શિક્ષક તરીકે નિમણૂંક થઈ હતી. શૈલેષભાઈ દ્વારા શાળાની વહીવટી , બોર્ડ પરીક્ષા અને બાળકોને લગતી તમામ માર્ગદર્શક સૂચનાઓ અંગેની કામગીરીમાં શરૂઆતથી જ ખૂબ જ ખંત થી અને ચોકસાઈથી કરતા આવ્યા છે. તેઓ શાળામાં ખૂબ જ શ્રેષ્ઠ શાળાકીય શૈક્ષણિક, વહીવટી બોર્ડ પરીક્ષા અને રમતના અનેક પ્રકારના અનુભવો લઈને ૨૦૧૭ માં હાઇસ્કુલ આચાર્યની હેડ માસ્ટર ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને તા. ૧૩/૬/૨૦૧૯ ના રોજ આ શાળાના શરૂઆતમાં પાયાના કાયમી ભૂતપૂર્વ આચાર્ય સોમભાઈ ડી ના નિવૃત્ત પછી કાયમી બીજા આચાર્ય સુકાની તરીકેની જવાબદારી સંભાળી રહ્યાં છે. આચાર્ય શૈલેષભાઈ શરૂઆતથી જ શાળાનું પરિણામ શાળાના ભૌતિક વિકાસ માટેના પ્રયત્નો શરૂ કર્યા હતાં. સુરતના ટ્રસ્ટી સ્વ. હેમંતભાઈ ના સહયોગથી અને મુકેશભાઈ દેસાઈના સહયોગથી ૧૨ લાખનો સાંસ્કૃતિક હોલ શાળામાં બનવવામાં આવ્યો છે. ભાઈઓ અને બહેનો માટે ટોયલેટ બાથરૂમની જે અગવડ હતી એ સુવિધાઓ ટ્રસ્ટી હેમંતભાઈ અને ટ્રાયબલ વાંસદાના સહયોગથી ઉભી કરી. તેમજ શાળાના પરિણામમાં પણ વિષય શિક્ષક મિત્રો સાથે ચર્ચા વિચારણા કરીને બોર્ડ પરિણામમાં ઘણો સુધારો લાવ્યા. અને જેના ફળ રૂપે વર્ષ ૨૦૨૪ માં વિજ્ઞાન પ્રવાહનું ૭૦% ,ધોરણ ૧૦ નું ૮૫% ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ ૯૫ ટકા પરિણામ શાળા મેળવી શકી છે. શાળામાં દરેક વર્ગખંડમાં સાઉન્ડ સિસ્ટમની (સ્પીકર)ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. અને ભવિષ્યમાં શાળા રીનોવેશન માટે કલર કામ , કમ્પાઉન્ડ વોલ તથા ત્રણ ઓરડા અને વિજ્ઞાન પ્રવાહ માટે અધ્યતન લેબની સુવિધા ઉભી કરવા માટેનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. આ શાળાને હાલમાં નવસારી જિલ્લાના શાળા વિકાસ સંકુલ.. 3 .. કામગીરીની જવાબદારી આપી આચાર્યશ્રીને સરદાર વલ્લભભાઈ પટેલ SVS.. 3 ના કન્વીનર બનાવવામાં આવેલ છે..

બજરંગબલી હનુમાનજીનું પ્રાગટ્ય અને મહાત્મ્ય

વાંસદા તાલુકામાં વાંસદા-ધરમપુર માર્ગ ઉપર એક નાનકડું પીપલખેડ ગામ વસેલ છે. અહી ગામના વડલાઓ પાસેથી જાણવા મુજબ પ્રાચીન સંસ્કૃતિ પ્રમાણે ગામની સ્થાપના, રક્ષણ અને વિકાસ માટે તે સમયના ગામ આગેવાનોએ ડુંગરોમાં જુદા-જુદા પ્રાકૃત્તિક દેવ-દેવીઓની સ્થાપના કરી અને સાથે-સાથે શ્રી હનુમાનજી દાદાનું સ્થાપન કરવાની આંતરીક પ્રેરણા ગામ આગેવાનોને થઈ હતી. જેના ફળ સ્વરૂપે તે સમયના દેવ-દેવીઓના સ્થાપન વિધિમાં પારંગત ભચપક્ષીઓ તથા ગામ આગેવાનો અને સર્વે ગ્રામજનો ખુશાલ ફળિયામાં દેવ નદીની બાજુમાં ખેતરમાં જ્યાં બીલીનું વિશાળ વૃક્ષ હતું, ત્યાં પહોંચી ભગતશ્રીઓએ ધાર્મિક વિધિ આરંભી મંત્રોચ્ચાર સહ અભિમંત્રિત ચોખાના દાણા તથા અન્ય પૂજા સામગ્રીથી જમીનમાં આશરે ત્રણ ફુટ ઊંડે સુષુપ્ત અવસ્થામાં પાષણ સ્વરૂપે પોઢેલ દેવને બહાર કાઢવામાં આવ્યા. આ વિશાળ શિલાને સર્વે લોકો આશ્ચર્યસહ નિહાળી રહ્યા હતા, ત્યારબાદ ભગતો દ્વારા હાથમાં ચોખાના દાણા લઈ ધ્યાન ધરી જોવામાં આવતાં દેવના ગુહ્ય સંકેત અનુસાર એ અભિમંત્રીત ચોખા દેવ રૂપી શિલા ઉપર નાંખતા તે વિશાળ શિલાના બે ભાગ થઇ ગયા. અને ભગતો ગામ આગેવાનો તથા સર્વે ગ્રામજનોએ દેવનો જય જયકાર કર્યો . ત્યારબાદ જયઘોષ કરી બળદ ગાડામાં આ દેવને આરૂઢ કરી સ્થાપન માટેની જગ્યાનો વિચાર કરતા-કરતાં ગામની વચ્ચે લઇજઈ રહ્યા હતા. ત્યારે અચાનક બળદ ગાડાના પેંડા (ચકો) થંભી ગયાં, સૌના અથાગ પ્રયત્નો છતાં ગાડું આગળ હાલી પણ ન શક્યું. ત્યા ફરી વખત ભગતો ભેગા મળી ધ્યાન ધરતાં તેમને સંકેત મળતાં વિશાળ આંબાના વૃક્ષ નીચે સૌપ્રથમ વાર શ્રી હનુમાનજી દાદાની સ્થાપના કરવામાં આવી. અને ચારેય દિશામાં આનંદ છવાઇ રહ્યો હતો. અને ત્યાંજ ગ્રામજનો શ્રી હનુમાનજીની પૂજા - અર્ચના કરવા લાગ્યા. સાથે-સાથે હનુમાનજી પણ તેમની ચમત્કારીક દિવ્ય શક્તિ દ્વારા લોકોની મનોકામનાઓ પૂર્ણ કરતા રહ્યા હોવાની લોકોમાં અતૂટ શ્રધ્ધા બંધાઈલી જોવા મળે છે. ઘણાં વર્ષો પછી આંબાના વૃક્ષનો નાશ થતાં ગામ આગેવાનોએ બીજા સ્થળે વડના વિશાળ વટવૃક્ષ નીચે હનુમાનજી દાદાનું સ્થાપન કર્યું. ત્યાંથી પણ વર્ષોબાદ ખુલ્લી જગ્યામાં ત્રીજીવાર સ્થાપન કરવામાં આવ્યું. જેને ઘણા વર્ષો વીત્યાં બાદ ફરી ગ્રામજનોના વિચાર અનુસાર કોઈ સુગમ સ્થળે હનુમાનજી નું સ્થાપન કરવાનો વિચાર આવ્યો અને છેવટે વાંસદા-ધરમપુર રોડ અને પીપલખેડ-ખેરગામ રોડ કે જ્યાં ત્રણ રસ્તા ભેગા થાય છે તેની બાજુમાં ચોથીવાર શ્રી હનુમાનજી નું સ્થાપન કરવામાં આવ્યું. અને ત્યાં શરૂઆતમાં ગામ લોકોએ ઝુપડી અને ત્યારબાદ કાચી દિવાલના મંદિરનું નિર્માણ કર્યું હતું. જ્યાં હનુમાનજીના ભજન, સત્સંગ, યજ્ઞ, ધાર્મિક ક્રિયાઓ થવા લાગી રસ્તાની બિલકુલ સમીપ હોઈ દૂર-દૂરથી આવનાર લોકો પણ હનુમાનજી દાદાના પ્રસાદનો લાભ લેવા લાગ્યા. અને આજે અહીં ગામ લોકો તથા અન્ય દાતાઓના સહકારથી ભવ્ય ત્રણ મંદિરોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ ત્રણ મંદિરોમાં, મધ્યમાં મુખ્ય શ્રી હનુમાનજી દાદાનું સ્થાપન કરેલ છે જેની એક બાજુના મંદિરમાં મહાદેવજીના શિવલીંગની સ્થાપના અને બીજી બાજુના મંદિરમાં આદ્ય શક્તિ અંબેમાતાજીનું સ્થાપન કરી સર્વે ગ્રામજનો અને અન્ય દાતાઓના ઉત્સાહ અને સહકારથી આ કાર્ય ચાલી રહ્યું છે. જે થોડા વર્ષમાં પૂર્ણ થઈ જશે અને એનો લાભ ગામના તથા સમગ્ર પંથકના ભક્તજનોને મળશે.

આરોગ્ય કેન્દ્રની સુવિધા :

આરોગ્યની દ્રષ્ટિએ જોવા જઈએ તો પીપલખેડ ગામમાંથી પસાર થતાં વાપી - શામળાજી હાઇવે ની બાજુમાં સુવિધા સભર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. જેમાં ગામમાં વસવાટ કરતા આશરે બે હજારથી પણ વધુ લોકોને શરદી , ખાસી, તાવ જેવી બીજી અનેક નાની મોટી બીમારીઓમાં સરકાર દ્વારા દવા અને પ્રાથમિક સારવાર મળી રહે છે. જ્યારે કોઈ વ્યક્તિની તબિયત વધુ ગંભીર જણાતા તેને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વાંસદા કે અન્ય હોસ્પિટલ સુધી લઈ જવું પડે છે. પીપલખેડ ગામથી વાંસદા નું અંતર માત્ર ૧૫ કિ.મી જેટલું હોવાથી કોઈપણ વાહન સરળતાથી વાંસદા કે અન્ય હોસ્પિટલ સુધી પહોંચી સારવાર મેળવી શકે છે.

વાઘેશ્વરી માતાજી મંદિર

પીપલખેડ ગામના નાકા ફળિયા ખાતે જાહેર રસ્તા ની બાજુમાં જ સુંદર વાઘેશ્વરી માતાજીનું મંદિર આવેલ છે. જ્યાં આજુબાજુના લોકો ખૂબ જ શ્રદ્ધા પૂર્વક પૂજા અર્ચના કરે છે. સ્થાનિકોમાં વાઘેશ્વરી માતાજીના મંદિર સાથે ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા જોડાયેલી જોવા મળે છે.

શાસ્ત્રી કુમાર છાત્રાલય અને સહ્યાદ્રી કન્યા છત્રાલય

એલ.આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડ ખાતે બહારગામ થી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને રહેવા માટે તંત્ર દ્વારા શાળાની નજીક જ શાસ્ત્રી કુમાર છાત્રાલય અને સહીયાદ્રી કન્યા છાત્રાલય નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ છત્રાલયમાં ૪૦ વિદ્યાર્થીઓ અને ૯૨ જેટલી વિદ્યાર્થીનીઓ રહી અભ્યાસ કરી રહ્યા છે. બંને છાત્રાલયો માં વિદ્યાર્થીઓને સરકાર દ્વારા રહેવાની વ્યવસ્થા સાથે સારું ભોજન પણ પીરસાય છે. આ છાત્રાલયમાં ધરમપુર, વાંસદા , કપરાડા , ડાંગ અને મહારાષ્ટ્ર બોર્ડર પરના ગરીબ આદિવાસી સમાજ માંથી આવતા વિદ્યાર્થીઓ અહીં છાત્રાલયમા રહી અભ્યાસ કરી રહ્યા છે.

ગામમાં સ્મશાન ગૃહની સુવિધા

પીપાલખેડ ગામમા ગ્રામ પંચાયત દ્વારા ગામના અલગ અલગ વિસ્તાર કુલ પાંચ જેટલા સ્મશાનગૃહ ના નિર્માણ કરવામાં આવેલ છે. જ્યાં ગામમાં લોકોના અવસાન બાદ તેમના અંતિમ સંસ્કારની ક્રિયા માટે અંતિમ સંસ્કારની સગડી અને પાણીની સુવિધા પૂરતી મળી રહે છે.

પીપલખેડ ત્રણ રસ્તાથી માંડવખડક - ખેરગામ જતો રસ્તો

પીપલખેડ ગામના મુખ્ય ત્રણ રસ્તા થી માંડવખડક અને ખેરગામ તરફ જતો રસ્તો અગાઉ સાંકડો અને ખડતલ હોવાથી આ રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોને હાલાકી વેઠવી પડી રહી હતી. પરંતુ હાલ તંત્ર દ્વારા આ માર્ગ પહોળો અને નવો બનાવી દેતા આ માર્ગનો લોકો સરળતાથી ઉપયોગ કરી રહ્યા છે. ઉપરાંત અગાઉ કરતાં ઓછા સમયમાં લોકો અન્ય ગામ સુધી પહોંચી પોતાનો સમય પણ બચાવી શકે છે. આ નવા રસ્તાના નિર્માણથી લોકોને પડતી હાલાકી થી ખૂબજ રાહત થવા પામી છે.

ગામની વાઘદેવી : આસ્થાનું કેન્દ્ર

ગામના નાકા ફળિયા ખાતે ગ્રામજનોની વાઘદેવી સ્થાપિત કરવામાં આવેલ છે. અહી ગામના યુવાનો, વડીલો સહિત ગ્રામજનો દ્વારા વાઘદેવીની પૂજા અર્ચના કરવામાં આવે છે. આ વાઘદેવી પાસે પૂરા વર્ષ દરમિયાન હોળી, દિવાળી, દશેરા, જેવા મોટા તહેવારોમાં પૂજાનું વિશેસ મહત્વ હોય છે. આ દિવસે સમગ્ર ગ્રામજનો ભેગા મળી પરંપરાગત રીતે પૂજા અર્ચના કરી ખેડૂતો ચોમાસા દરમિયાન વરસાદ સારો આવે અને સારો પાક થાય તે માટે ભગતો અને વડીલો ભેગા મળી પૂજા કરતા હોય છે. આ પૂજાથી ખેડૂતોને પડતી મુશકેલીઓ દૂર થાય એવી ખેડૂતોમાં અતૂટ શ્રધ્ધા જોવા મળી રહે છે.

(માહિતી સંકલન અને તસવીર : નિલેશ કાપડિયા)